# બીએસઈએ પીએસયુ માટે નવી વેબસાઇટ લૉન્ચ કરી

ગુડ ન્યુઝ

બીએસઈ (બોમ્બે સ્ટોક એક્સચેન્જે) ગઈ કાલે ડિસઈન્વેસ્ટમેન્ટ પર સંપૂર્ણપણે ફોકસ્ડ વેબસાઈટ www.bsepsu.com લૉન્ચ કરી હતી. બીએસઈના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર મધુ કાનને જણાવ્યું હતું કે 'આ વેબસાઈટ પર પીએસયુ (પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ)ના ડિસઈન્વેસ્ટમેન્ટ અને પબ્લિક ઑફરિંગ્સને લગતી બધી જ માહિતી ઉપલબ્ધ થશે. આ ઉપરાંત બધી જ માર્કેટ રિલેટેડ વિગત પણ પ્રાપ્ત થશે.'

મુંબઈ શેરબજારમાં જે પીએસયુ લિસ્ટેડ છે એની નાણાકીય કામગીરી, કૉર્પોરેટ, અનાઉન્સમેન્ટ, વાર્ષિક અહેવાલ, શેરહોલ્ડિંગ પેટર્ન વગેરેને લગતી માહિતી પણ ઉપલબ્ધ થશે.